# છૂટક અને વ્યક્તિગત ખાતાઓ માટે માયબેંક ઇન્ડિયા

## વારંવાર પૂછાતા પ્રશ્નો

## પરિચય

### માયબેંક ઇન્ડિયા શું છે?

માયબેંક ઇન્ડિયા એ મોબાઇલ બેંકિંગ એપ્લિકેશન આધારિત ઉકેલ છે જેના દ્વારા તમે ગમે ત્યાં, ગમે ત્યારે તમારું બેંક એકાઉન્ટ ઍક્સેસ કરી શકો છો. આ તમારા ખાતા સંબંધિત માહિતી મેળવવાની, પૈસા ટ્રાન્સફર કરવાની, બિલ ચુકવવાની વગેરેની એક અનુકૂળ અને સુરક્ષિત રીત છે.

### MyBank India નો ઉપયોગ કોણ કરી શકે છે?

- માયબેંક ઇન્ડિયાનો ઉપયોગ, ડોઇશ બેંકના તમામ વ્યક્તિગત ગ્રાહકો કરી શકે છે.
- ડિબી ઓનલાઈનબેંકીંગ પર સક્રિય લોગીન આઈડી/ પાસવર્ડ ધરાવતા ગ્રાહકો માયબેંક ઈન્ડિયાનો ઉપયોગ કરી શકે છે.
- મોબાઈલ હેન્ડસેટ પર ઈન્ટરનેટ/ વાઈ-ફાઈ કનેક્શન ધરાવતા ગ્રાહકો માયબેંક ઇન્ડિયાનો ઉપયોગ કરી શકે છે.

## ઉપયોગ કરવાનું શરૂ કરવું

### હું ડોઇશ બેંક મોબાઈલ બેન્કિંગ એપ (માયબેંક ઇન્ડિયા) કેવી રીતે ડાઉનલોડ કરી શકું?

તમે તમારા ડિવાઇસમાં એપ સ્ટોર (એપલ એપ સ્ટોર/ ગૂગલ પ્લે સ્ટોર) પરથી ડોઇશ બેંક મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો. એપ સ્ટોર્સમાં ડોઇશ બેંક મોબાઇલ બેંકિંગ એપનું નામ 'માયબેંક ઇન્ડિયા' છે.

### માયબેંક ઇન્ડિયા દ્વારા સમર્થિત ડિવાઇસ અને iOS કયા-કયા છે?

ડોઇશ બેંક મોબાઇલ બેંકિંગ એપ iOS વર્ઝન 7.0 અને તેનાથી ઉપરના અને એન્ડ્રોઇડ વર્ઝન 4.4 અને તેનાથી ઉપરના વર્ઝન પર ચાલે છે.

### હું માયબેંક ઇન્ડિયામાં કેવી રીતે લૉગિન કરી શકું?

તમે તમારા db ઓનલાઈન બેંકિંગ લોગિન આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને એપમાં લોગીન કરી શકો છો.

### મારું ડિબી ઓનલાઈન બેંકિંગ લોગીન આઈડી અક્ષમ છે. શું હું માયબેંક ઇન્ડિયામાં લોગીન કરી શકું?

ડિબી ઓનલાઈન બેંકિંગના સક્રિય વપરાશકર્તાઓ જ માયબેંક ઇન્ડિયાનો ઉપયોગ કરી શકે છે. તમે ફોરગોટ પાસવર્ડ ફીચરનો ઉપયોગ કરીને તમારી ડિબી ઓનલાઈન બેંકિંગ એક્સેસને સક્રિય કરી શકો છો.

## જો મેં ક્યારેય ડિબી ઓનલાઈન બેંકિંગનો ઉપયોગ ન કર્યો હોય તો શું હું એપમાં લોગીન કરી શકું?

લોગીન

### હું માયબેંક ઇન્ડિયામાં કેવી રીતે લોગીન કરી શકું?

— તમારા મોબાઇલ ફોનમાં માયબેંક ઇન્ડિયા આઇકોન પર ટેપ કરો
— 'લોગીન' પર ટેપ કરો
— તમારું db ઓનલાઈન બેંકિંગ લોગીન આઈડી/ પાસવર્ડ દાખલ કરો

## શું એપમાં ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન ફીચર છે અને આ ફીચર કયા-કયા ડિવાઇસમાં ઉપલબ્ધ છે?

માયબેંક ઈન્ડિયામાં એપ ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન ફીચર છે

— આ ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન ફીચર 4.4 અને તેનાથી ઉપરના વરઝ઼નવાળા સેમસંગ ડિવાઇસ માટે અને 6.0 અને તેનાથી ઉપરના વરઝ઼નવાળા અન્ય એન્ડ્રોઇડ ડિવાઇસમાં ઉપલબ્ધ છે
— ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન ફીચર 8.0 અને તેનાથી ઉપરના વરઝ઼નવાળા iOS ડિવાઇસમાં ઉપલબ્ધ છે

## ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગિન માટે કેવી રીતે નોંધણી કરવી?

— ટચ આઈડી માટે નોંધણી કરવા માટે, સૌથી પહેલા તો ફિંગર પ્રિન્ટ, ડિવાઇસમાં નોંધાયેલ હોવી જોઈએ, જો નહીં, તો કૃપા કરીને ડિવાઇસમાં ફિંગર પ્રિન્ટની નોંધણી કરો
— એપ્લિકેશન લોંચ કરો
— તમારા ડિબી ઓનલાઈન બેંકિંગનો લોગીન આઈડી અને પાસવર્ડ દાખલ કરો, 'એનેબલ ફિંગર પ્રિન્ટ ઓથેન્ટિકેશન' વિકલ્પ પસંદ કરો
— નિયમો અને શરતો સ્વીકારો
— તમે એપ્લિકેશનમાં સફળતાપૂર્વક લોગીન થઈ જશો અને નોંધણી પૂર્ણ થઈ જશે

## ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીનનો ઉપયોગ કરીને એપ્લિકેશનમાં કોણ લોગીન કરી શકે છે?

ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન, ડિવાઇસ પર સક્ષમ તમામ ફિંગરપ્રિન્ટ્સ માટે માયબેંક ઇન્ડિયામાં બાયોમેટ્રિક ઍક્સેસને સક્ષમ કરે છે. અમે તમને ડિવાઇસ પર કોઈપણ અન્ય વ્યક્તિની ફિંગરપ્રિન્ટ કાઢી નાખવાની ભલામણ કરીએ છીએ.

## એકવાર ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન માટે નોંધણી થઈ જાય પછી એપ્લિકેશનમાં કેવી રીતે લોગીન કરવું?

નોંધણી પછી, લોગીન માટે ડિવાઇસમાં નોંધાયેલ ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરીને એપ્લિકેશન લોંચ કરો.

## એકવાર ટચ આઈડી માટે નોંધણી થઈ જાય પછી ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને એપ્લિકેશનમાં લોગીન કેવી રીતે કરવું?

એપ્લિકેશન લોંચ કરો, તમને ટચ આઈડી વડે લોગીન કરવાનો વિકલ્પ મળશે. કેન્સલ પર ટેપ કરો અને તમને ટચ આઈડીનો ઉપયોગ કર્યા વિના લોગીન કરવાનો વિકલ્પ મળશે. તમને લોગીનની લેન્ડિંગ સ્ક્રીન પર નેવિગેટ કરવામાં આવશે, જ્યાં વપરાશકર્તા ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને લોગીન કરી શકે છે.

## ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગિન માટે નોંધણી કેવી રીતે રદ કરવી?

એપ્લિકેશન લોંચ કરો, તમને ટચ આઈડીથી લોગીન કરવાનો વિકલ્પ મળશે. કેન્સલ પર ટૅપ કરો, તમને 'ડીરજિસ્ટર ફોર ટચ આઈડી' નો વિકલ્પ મળશે. પ્રમાણીકરણ માટે નોંધાયેલ ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરીને તમે ટચ આઈડી માટે સફળતાપૂર્વક નોંધણી રદ કરી શકશો.

## એકવાર હું મારો લોગીન પાસવર્ડ બદલી નાખું, પછી શું મારે ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન માટે ફરીથી નોંધણી કરવાની જરૂર છે?

હા. કૃપા કરીને નીચેના પગલાં અનુસરો:

- એપ્લિકેશન લોંચ કરો, તમને ટચ આઈડી વડે લોગીન કરવાનો વિકલ્પ મળશે. કેન્સલ પર ટેપ કરો, તમને 'ડીરજિસ્ટર ફોર ટચ આઈડી'નો વિકલ્પ મળશે. ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરીને તમે ટચ આઈડી માટે સફળતાપૂર્વક નોંધણી રદ કરી શકશો.
- નવા લોગીન ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને ટચ આઈડી/ ફિંગરપ્રિન્ટ આધારિત લોગીન માટે ફરી એકવાર નોંધણી કરો.

# એકાઉન્ટ સમરી

## એકાઉન્ટ સમરી પેજમાં ગ્રાહક શું જોઈ શકે છે?

એકાઉન્ટ સમરી પેજમાં તમે તમારા બેંકિંગ સંબંધો, રોકાણો અને ડીમેટને ગ્રાફિકલ/ સૂચિ સ્વરૂપમાં જોઈ શકો છો.
કયા પ્રકારનાં એકાઉન્ટ્સ, સમરી પેજ હશે?
બધા સક્રિય એકાઉન્ટ્સ સમરી પેજમાં દર્શાવવામાં આવશે.

### વર્તમાન/ બચત ખાતાઓ માટે મિની સ્ટેટમેન્ટ કેવી રીતે જોવું?

- એપ્લિકેશનમાં લોગીન કરો અને એકાઉન્ટ સમરી પેજ પર નેવિગેટ કરો
- એકાઉન્ટ્સ ટેબ પર ટેપ કરો
- તમે જે એકાઉન્ટ માટે મીની સ્ટેટમેન્ટ જોવા માંગો છો તેના પર ટેપ કરો

## મારા ખાતાના ટ્રાન્ઝેકશન્સ કેવી રીતે જોવો?

- એપ્લિકેશનમાં લોગીન કરો અને એકાઉન્ટ સમરી પેજ પર નેવિગેટ કરો
- એકાઉન્ટ્સ ટેબ પર ટેપ કરો અને ઇચ્છિત એકાઉન્ટ પર ટેપ કરો
- ફૂલ સ્ટેટમેન્ટ ટેબ પર ટેપ કરો
- તમે છેલ્લા એક અઠવાડિયા, છેલ્લા 15 દિવસ, છેલ્લા 1 મહિના, છેલ્લા 2 મહિના, છેલ્લા 3 મહિનાનું સ્ટેટમેન્ટ જોઈ શકશો
- તમે તારીખના આધારે સ્ટેટમેન્ટના જોઈ શકો છો અને મહત્તમ તમે છેલ્લા 90 દિવસોનું સ્ટેટમેન્ટ જોઈ શકો છો

## એપ્લિકેશનમાં કયા પ્રકારના ટ્રાન્સફર થઇ શકે છે?

— પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર
— ડોઇશ બેંક એકાઉન્ટમાં થર્ડ પાર્ટી એકાઉન્ટમાં ટ્રાન્સફર
— એનઈએફટી/ આરટીજીએસ દ્વારા એવા ખાતાઓમાં ટ્રાન્સફર થાય છે જે ડોઇશ બેંક એકાઉન્ટ સિવાયના હોય છે

## હું પોતાનું એકાઉન્ટમાં ટ્રાન્સફર કેવી રીતે કરી શકું?

— એપમાં લોગીન કરો
— ટ્રાન્સફર આઇકન પર ટેપ કરો
— 'વિથિન ડોઇશ બેંક' વિકલ્પ પસંદ કરો અને પોતાનું ખાતું પસંદ કરો
— વિગતો દાખલ કરો અને ટ્રાન્સફર પર ટેપ કરો
— દાખલ કરેલી વિગતો ચકાસો અને ટ્રાન્ઝેક્શન પાસવર્ડ દાખલ કરો
— ટ્રાન્ઝેક્શન પૂરું કરવા સબમિટ પર ટેપ કરો

## હું ડોઇશ બેંક એકાઉન્ટમાં થર્ડ પાર્ટી એકાઉન્ટમાં કેવી રીતે ટ્રાન્સફર કરી શકું?

— તમે જે ડોઇશ બેંક એકાઉન્ટમાં, 'વિથિન ડોઇશ બેંક' લાભાર્થી હેઠળ ટ્રાન્સફર કરવા માંગો છો, તે ખાતાની નોંધણી કરો
— જો તમે પહેલાથી જ નોંધણી કરાવી હોય, તો નીચેના પગલાં અનુસરો
— 'માયબેંક ઇન્ડિયા' એપમાં લોગિન કરો
— 'ટ્રાન્સફર્સ' આઇકન પર ટેપ કરો
— 'વિથિન ડોઇશ બેંક' પર ટૅપ કરો અને 'થર્ડ પાર્ટી એકાઉન્ટ્સ' પસંદ કરો
— લાભાર્થીને પસંદ કરો, ટ્રાન્ઝેક્શનની વિગતો દાખલ કરો અને 'ટ્રાન્સફર' પર ક્લિક કરો
— દાખલ કરેલી વિગતો ચકાસો અને ટ્રાન્ઝેક્શન પાસવર્ડ અને ઓટીપી દાખલ કરીને ટ્રાન્સફર પૂરું કરો
— ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરવા સબમિટ પર ટેપ કરો

## હું ભારતમાં બિન ડોઇશ બેંક એકાઉન્ટમાં પૈસા કેવી રીતે ટ્રાન્સફર કરી શકું?

— તમે એનઈએફટી અથવા આરટીજીએસ દ્વારા અન્ય કોઈપણ બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરી શકો છો
— તમે જે ખાતામાં 'આઉટસાઇડ ડોઇશ બેંક' લાભાર્થી તરીકે ટ્રાન્સફર કરવા માગો છો તેની નોંધણી કરો
— 'માયબેંક ઇન્ડિયા' એપમાં લોગિન કરો
— 'ટ્રાન્સફર્સ' આઇકન પર ટેપ કરો
— 'આઉટસાઇડ ડોઇશ બેંક' પર ટેપ કરો અને એનઈએફટી/ આરટીજીએસ પસંદ કરો
— વિગતો દાખલ કરો, લાભાર્થીને પસંદ કરો અને 'ટ્રાન્સફર' પર ટેપ કરો
— દાખલ કરેલી વિગતો ચકાસો અને ટ્રાન્ઝેક્શન પાસવર્ડ, ઓટીપી દાખલ કરો (ઓટીપી ફક્ત રૂ. 10,000 થી વધુના વ્યવહારો માટે જ પૂછવામાં આવશે)
— ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરવા સબમિટ પર ટેપ કરો

## ટ્રાન્સફરમાં ફેવરિટ્સ શું છે?

તમારા પૈસા ટ્રાન્સફર કરવા માટે ફેવરિટ્સ એ સરળ અને ઝડપી વિકલ્પ છે. તમે તમારા વારંવાર ઉપયોગમાં લેવાતા ટ્રાન્ઝેકશન્સને એકવાર ફેવરિટ્સ તરીકે સેવ કરીને, ટ્રાન્ઝેક્શન પૂરું કરવા માટે તેનો ઉપયોગ ગમે ત્યારે કરી શકો છો.

## હું મારા ટ્રાન્ઝેકશન્સને ફેવરિટ્સ તરીકે કેવી રીતે સેવ કરી શકું?

- ટ્રાન્ઝેકશન્સ પૂર્ણ થયા પછી, તમને તમારા કન્ફર્મેશન પેજ પર "એડ ટુ ફેવરટિસ" વિકલ્પ જોવા મળશે.
- ઓકે પર ટેપ કરો
- આ વિકલ્પ ફક્ત થર્ડ પાર્ટી એકાઉન્ટ ટ્રાન્સફર અને બિન-ડોઇશ બેંક (એનઈએફટી અને આરટીજીએસ) ટ્રાન્સફર માટે ઉપલબ્ધ છે

## હું ફેવરિટ્સનો ઉપયોગ કરીને પૈસા ટ્રાન્સફર કરવાનું કેવી રીતે શરૂ કરી શકું?

- ટ્રાન્ઝેક્શન ઇનિશિયેશન પેજ પર જાઓ
- 'યૂઝ ફ્રોમ ફેવરિટ્સ' હેઠળ તમારું મનપસંદ ટ્રાન્ઝેક્શન પસંદ કરો

## શું હું ટ્રાન્સફર શેડ્યૂલ અથવા રિકરિંગ ટ્રાન્સફર સેટ કરી શકું છું?

તમે ટ્રાન્સફરનો પ્રકાર. 'પે લેટર' તરીકે પસંદ કરીને ટ્રાન્સફર શેડ્યૂલ કરી શકો છો. તમે વન ટાઇમ ટ્રાન્સફર શેડ્યૂલ કરી શકો છો અથવા રિકરિંગ ટ્રાન્સફર સેટ કરી શકો છો.

## શું મારે મારા ડોઇશ બેંકના કોઈપણ ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવા માટે લાભાર્થીની નોંધણી કરવી જરૂરી છે?

હા, તમારે ડોઇશ બેંકના કોઈપણ ખાતામાં ફંડ ટ્રાન્સફર કરવા માટે લાભાર્થીની નોંધણી કરવી જરૂરી છે.

## જો મને આઈએફએસસીઓ કોડ અથવા બેંકનું નામ અને અન્ય બેંકના શહેરનું નામ ખબર હોય તો શું હું અન્ય લાભાર્થી બેંકની નોંધણી કરી શકું?

- તમે આઈએફએસસી કોડ વડે અન્ય લાભાર્થી બેંકની નોંધણી કરાવી શકો છો
- આઈએફએસસી કોડ વિકલ્પ પસંદ કરો અને 11 અંકનો આઈએફએસસી કોડ દાખલ કરો
- એપ, દાખલ કરેલ આઈએફએસસી કોડને માન્ય કરશે અને તે મુજબ વિગતો દર્શાવશે
- તમે બેંક અને શહેરના નામના આધારે અન્ય લાભાર્થી બેંકની નોંધણી કરાવી શકો છો
- લાભાર્થી બેંકનું નામ, શહેરનું નામ દાખલ કરો અને સર્ચ પર ટેપ કરો

## શું હું ડિબી ઓનલાઈન બેંકિંગમાં નોંધાયેલા લાભાર્થીઓની સમીક્ષા કરી શકું?

હા, તમે ડિબી ઓનલાઈન બેંકિંગમાં નોંધાયેલા લાભાર્થીઓને જોઈ શકો છો. એ જ રીતે તમે ડિબી ઓનલાઈન બેંકિંગમાં મોબાઈલ એપ દ્વારા નોંધાયેલા લાભાર્થીઓને પણ જોઈ શકો છો.

## બેનીફીશીઅરી લિમિટ શું છે?

બેનીફીશીઅરી લિમિટ એ એક દિવસમાં લાભાર્થીને ટ્રાન્સફર કરી શકાય તેટલી મહત્તમ રકમ છે.

## શું 'વિથિન ડોઇશ બેંકર' ખાતા સાથે નોંધાયેલા લાભાર્થીઓ માટે બેનીફીશીઅરી લિમિટલાગુ પડે છે?

ડોઇશ બેંક એકાઉન્ટમાં નોંધાયેલા લાભાર્થીઓ માટે બેનીફીશીઅરી લિમિટ લાગુ પડતી નથી.

### શું નવી નોંધાયેલી અન્ય લાભાર્થી બેંક માટે ટ્રાન્સફરની કોઈ મર્યાદા છે?
લાભાર્થી ઉમેરવાના સમયથી 24 કલાકના કુલિંગ પિરિયડ સુધી તમે માત્ર રૂ. 50,000 સુધી ટ્રાન્સફર કરી શકો છો.

### હું નોંધાયેલ લાભાર્થીને ક્યાં જોઈ શકું?
નોંધાયેલ લાભાર્થીની યાદી લોગીન>> ટ્રાન્સફર પર ટેપ કરીને >> બેનીફીશીઅરી લિસ્ટ હેઠળ જોઈ શકાય છે.

### શું હું બેંકની અંદર કે બહારના રિકરિંગ ટ્રાન્સફરને રોકી શકું?
હા, તમે સક્રિય હોઈ તેવા રિકરિંગ ટ્રાન્સફરને રોકી શકો છો.

### ટ્રાન્ઝેક્શન અટકી ગયું કે નહીં, એ હું કેવી રીતે ચકાસી શકું?
— તમે ટ્રાન્સફર હિસ્ટ્રીમાં જઈને ટ્રાન્ઝેક્શન અટકી ગયું છે કે નહીં તે ચકાસી શકો છો, શેડ્યૂલ કરેલ ટ્રાન્ઝેક્શનને કેન્સલ તરીકે ચિહ્નિત કરવામાં આવશે
— રીકરીંગ ટ્રાન્ઝેક્શન માટે, વ્યુ ડિટેલ્સ લિંક પર ટેપ કરો >> સ્ટોપ્ડ ટ્રાન્ઝેક્શન વ્યૂ પર ટેપ કરો, અટકી ગયેલા ટ્રાન્ઝેકશન્સ દર્શાવવામાં આવશે

## બિલની ચુકવણી

### હું બિલની ચુકવણી માટે ચૂકવણી કરનાર અથવા બિલર નોંધણી કેવી રીતે કરી શકું?
તમે નીચે પ્રમાણે બિલરની કરાવી શકો છો:
— એપમાં લોગિન કરો
— પેમેન્ટ્સ પર ટેપ કરો
— રજિસ્ટર બિલર પર ટેપ કરો
— બિલરનું નામ દાખલ કરીને બિલરને શોધો (બિલરને શોધવા માટે ઓછામાં ઓછા 3 અક્ષરો અથવા શહેર અથવા શ્રેણી જરૂરી છે)
— બિલરને પસંદ કરો અને બિલરની વિગતો દાખલ કરો
— રજીસ્ટર પર ટેપ કરો

### બિલની ચુકવણી માટે ઉપલબ્ધ ચુકવણી માટેના વિવિધ વિકલ્પો કયા છે?
બિલ ચુકવણી સુવિધા માટે બે ચુકવણી વિકલ્પો ઉપલબ્ધ છે:

— વ્યુ એન્ડ પે: તમે ચૂકવણી કરો તે પહેલાં વ્યૂ અને પેમાં તમે તમારા બિલ જોઈ શકો છો. બસ તમારા બિલરની વિગતો દાખલ કરો અને તમારું બિલ ઓનલાઈન દેખાય તેની રાહ જુઓ. કૃપા કરીને યાદ રાખો કે બિલ રજૂ કરવામાં આવ્યું હોવાથી, બિલર સામાન્ય રીતે આંશિક ચૂકવણી અને મોડી ચૂકવણી સ્વીકારતા નથી. જ્યારે બિલ જનરેટ થાય અને તમને રજૂ કરવામાં આવે ત્યારે જ ચુકવણી કરી શકાય છે.
— પે એટ વંસ: પે એટ વંસ એ તમારું બીલ ચૂકવવાની સૌથી સરળ રીત છે. તમે ભૌતિક બિલના આધારે તરત જ ચુકવણી કરી શકો છો. ફક્ત ઇચ્છિત બિલરની વિગતો પ્રદાન કરો અને તમે જે રકમ ચૂકવવા માંગો છો તે દાખલ કરો. તમારી ચુકવણીઓ કોઈપણ બિલ સાથે જોડાયેલી ન હોવાથી, તમે કોઈપણ રકમ ચૂકવવાનું

પસંદ કરી શકો છો, જરૂરી નથી કે તે તમારા બિલમાં ઉલ્લેખિત ચોક્કસ રકમ જ હોય. તમારે ફક્ત બિલરની નોંધણી કરવાની અને પછી તરત જ ચુકવણી કરવાની જરૂર છે.

## મારા તરફથી પુષ્ટિની રાહ જોઈ રહેલા પ્રેઝન્ટમેન્ટ બીલ હું ક્યાં જોઈ શકું?

— તમે પ્રસ્તુત બિલ પેન્ડિંગ પેમેન્ટ્સમાં જોઈ શકો છો
— પ્રસ્તુત બીલ જોવા માટે કૃપા કરીને નીચેના પગલાંઓ અનુસરો
— લોગીન >> બિલ પેમેન્ટ્સ પર ટેપ કરો >> પેન્ડિંગ પેમેન્ટ્સ પર ટેપ કરો >> વ્યુ પ્રેઝન્ટમેન્ટ બિલ સેક્શન

## શું હું પ્રસ્તુત બિલ માટે ઓટો પે ફીચરને સક્ષમ કરી શકું?

હા તમે વ્યુ એન્ડ પે પ્રકારના બિલર્સ માટે ઓટો પે ફીચરને સક્ષમ કરી શકો છો.

## શું હું મારી પસંદગીની તારીખે મારા બિલની ચૂકવણીનું શેડ્યૂલ કરી શકું છું?

— તમારી પાસે તમારી સુવિધા અનુસાર ચૂકવણી કરવાની બે રીત છે - પે નાઉ અથવા પે લેટર
— પે નાઉ દ્વારા તમે તમારા એકાઉન્ટને તરત જ ડેબિટ કરી શકો છો. ચુકવણી બીજા કામકાજના દિવસે બિલરને મોકલવામાં આવશે
— પે લેટર દ્વારા તમે ભવિષ્યની તારીખ માટે ચુકવણી શેડ્યૂલ કરી શકો છો. કૃપા કરીને યાદ રાખો, ઑટોપે સૂચનાઓ બિલની નિયત તારીખે તમારા બિલની ચુકવણી શેડ્યૂલ કરે છે. કોઈપણ સમયે, નિયત તારીખ પહેલાં, તમે તે ચૂકવણીને પ્રીપેન કરી શકો છો અથવા શેડ્યૂલ પેમેન્ટને ઇન્સ્ટન્ટ પેમેન્ટમાં રૂપાંતરિત કરી શકો છો.
— તમારી ચૂકવણી બિલરનાં ખાતામાં પ્રતિબિંબિત થવામાં લગભગ 2-3 દિવસ જેટલો સમય લાગે છે. અમે તમને તે મુજબ ચૂકવણી કરવા/ શેડ્યૂલ કરવા વિનંતી કરીએ છીએ.

સેવાઓ

## માયબેંક ઇન્ડિયામાં કઈ સેવાઓ ઉપલબ્ધ છે?

— ચેકબુક માટેની વિનંતી
— ડિમાન્ડ ડ્રાફ્ટ માટેની વિનંતી
— ભૌતિક સ્ટેટમેન્ટ માટેની વિનંતી
— ઈ-મેલ સ્ટેટમેન્ટ રજીસ્ટર કરો
— ચેક દ્વારા ચુકવણી કરવાનું રોકો
— ફિક્સ્ડ ડિપોઝિટ બુક કરો
— રિકરિંગ ડિપોઝિટ બુક કરો